543

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા આર્થિક રીતે પછાત વર્ગો માટે વ્યકિતગત ધોરણે મકાન સહાયની પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ યોજના**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૭-૯૬૮-(૦૫)-અ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૨૨ ફેબ્રુઆરી, ૨૦૦૬.

**વંચાણે લીધા :**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તારીખઃ ૨૮-૧-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૭-ન.બા.૧-અ

(૨) નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની તારીખઃ ૧૭-૨-૨૦૦૬ ની દરખાસ્ત.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૭-૯૬૮-૦૫-અ, તારીખઃ ૧૯ નવેમ્બર, ૨૦૦૫.

**ઠ રા વ :**

આ વિભાગના તારીખઃ ૨૮-૧-૨૦૦૪ ના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૭-ન.બા.-૧-અ તથા તે પછીના તારીખઃ ૧૯-૧૧-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૭-૯૬૮-૦૫-અ અન્વયે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, વિચરતી વિમુકત જાતિઓ તથા આર્થિક રીતે પછાત વર્ગો માટે વ્યક્તિગત ધોરણે મકાન સહાયની યોજના અમલમાં મૂકવામાં આવેલી છે.

આ યોજનાના અમલીકરણમાં અનુભવે એવું જણાયું છે કે તારીખઃ ૧૯ નવેમ્બર, ૨૦૦૫ ના ઉપર ઉલ્લેખાયેલ ઠરાવથી ગુજરાત હાઉસિંગ બોર્ડના તૈયાર ખાલી મકાનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી અતિ પછાત/ વધુ પછાત તથા શ્રમયોગીને ફાળવવાનું નકકી કરવામાં આવેલ હોવા છતાં ઘણીવાર અતિ પછાત કે શ્રમયોગી કેટેગરીના લોકો એક અથવા બીજા કારણોસર આ યોજનાનો પૂરતો લાભ લઈ શકતા નથી. પરિણામે આવા મકાનોનો પૂરતી સંખ્યામાં લાભાર્થી લાભ લઇ શકે તે હેતુથી હવે એવું નકકી કરવામાં આવ્યું છે કે ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનો આપવાની તારીખઃ ૧૯ નવેમ્બર, ૨૦૦૫ ના ઠરાવની નીતિનો લાભ જે કિસ્સાઓમાં અતિ પછાત / વધુ પછાત કે શ્રમયોગીને પૂરતા પ્રમાણમાં ન મળી શકે તેવી સ્થિતિ હોય ત્યાં આ યોજનાનો લાભ વિચરતી અને વિમુક્ત જાતિના લાભાર્થીઓને પણ ગુણ-દોષને આધારે આપવો. સરકારની આ નીતિનો લાભ તેના મૂળભુત હેતુને અનુરુપ **સૌપ્રથમ અતિ પછાત/ વધુ પછાત અને શ્રમયોગીઓને** આપવાનો રહેશે તેમને અગ્રતા અપાયા પછી આ યોજનાનો લાભ વિચરતી અને વિમુકત જાતિના સમૂહોને અને ત્યારબાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અન્ય લાભાર્થીઓને પણ વ્યક્તિગત ગુણ-દોષને આધારે આપવામાં આવે.

(પાછળ)

SUN

તારીખ: ૨૮-૧-૨૦૦૪ ના ઠરાવની અન્ય શરતો તથા ધોરણો યથાવત અમલમાં રહેશે.

આ યોજનાનો લાભ આપતી વખતે હાઉસિંગ બોર્ડના તૈયાર મકાનોની ગુણવત્તા અંગે પણ યોગ્ય રીતે પૂરતી ખાતરી કરવામાં આવે તે જોવા અને સમયાંતરે આ યોજનાની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરવા માટે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતાને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી (સા.ન્યા.અને અધિ.) ના અંગત સચિવશ્રી તથા અન્ય માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી
માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગાંધીનગર
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના અન્ય સર્વે વિભાગો
સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
ગ્રામ વિકાસ કમિશનરશ્રીની, ગુજરાત રાજય, ગાંધીનગર
કમિશનરશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર આ યોજનાના યોગ્ય અમલીકરણ તથા મોનીટરીંગ માટે સંબંધકર્તાઓને જરુરી સૂચનાઓ અને માર્ગદર્શન પુરુ પાડવાની તથા સમયાંતરે સમીક્ષા કરવાની વિનંતી સહ.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગર
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.)/ જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.)
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ ,ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
વિભાગની અ.૧, જ, ગ, બજેટ, સંકલન તથા હ શાખા
સીલેકટ ફાઈલ -અ- શાખા.